ફોજદારી કેસ નં:-૨૯૧/૨૦૨૨

**રાજકોટના મહે.જયુ.મેજી.ફ.ક.(રેલ્વે) કોર્ટમાં ,મુકામ રાજકોટના**

પશ્ચિમ રેલ્વે વતી
એ.એસ.આઈ. આર.પી.એફ. .....ફરીયાદી

વિરૂધ્ધ

હિતેશ ધીરૂભાઈ ......આરોપી

ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૨૫૨ અન્વયે ઠરાવ.
ગુન્હો:- રેલ્વે એકટની કલમ-૧૫૯ મુજબ.

આ કામના આરોપી સામે રેલ્વે એકટનલ કમલ-૧૫૯ મુજબના ગુના અંગે ફરીયાદ દાખલ થતા. ફોજદારી કેસ રજીસ્ટરે લેવામાં આવેલ.આરોપી રૂબરૂ હાજર હોય તથા ગુનો સ્વેચ્છાએ કબુલ કરવા માંગતા હોવાનું જણાવતા,તેને તહોમત સંભળાવી પ્લી રેકર્ડ કરતા પોતાને ગુના અંગે દોષિત ઠરાવવામાં આવે છે.સજા અંગે નિર્ણય કરતા પહેલા આરોપીઓને સજા અંગે સાંભળવામાં આવેલ.તેની રજુઆત ધ્યાને લીધી આરોપીને દોષિત ઠરાવેલ હોય તેને સજા થવી એમ આ કોર્ટ માને છે તથા આ ગુના અંગે લઘુતમ સજા નિયત થયેલી છે.પરંતુ કેસના સંજોગો જોઈએ તો આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે તથા પસ્તાવો વ્યકત કરેલ છે.આ તેનો પ્રથમ ગુનો હોવાનું તથા અજાણતા થયેલ હોવાનું જણાવેલ છે.ભવિષ્યમાં ગુનો ન થાય તેની તકેદારી પોતે રાખશે તેની ખાત્રી આપે છે.વધુમાં, જણાવે છે કે પોતાનો ગુનો કરવાનો ઈરાદો ન હતો જેથી પોતાના પર રહેમ રાખવા અને ગુનો માફ કરવા અરજ કરેલ છે.

આરોપીની રજુઆત,ગુનાના સંજોગો તથા કેસની હકીકત,આરોપીની ઉંમર તથા તેનુ ભવિષ્ય વગેરે ધ્યાને લેતા,આ કામના આરોપીને કાયદાની નિયત કરેલ ઓછામાં ઓછી સજા થી પણ ઓછી સજા કરવા માટે ઉપર લખેલ વિગત પુરતા કારણો જણાય છે. અને આરોપીને પસ્તાવો થતો હોય ફકત અહેસાસ થાય તેથી ન્યાનો હેતુ જળવાઈ રહે તેટલી સજા કરી સુધરવાની તક આપી ન્યાયના હિતમાં યોગ્ય જણાય છે.આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

આ કામના આરોપીએ રેલ્વે એકટની કલમ-૧૫૯ મુજબના ગુના સબબ ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૨૫૨ અન્વયે દોષિત ઠરાવવામાં આવે છે.આ ગના સબબ આ કામના આરોપીને રૂા.૧૦૦/- અંકે રૂપિયા એક સો પુરાજો દંડ ભરવાની સજા કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૨-૧૧-૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ-રાજકોટ
તા.૧૨-૧૧-૨૦૨૨

જયુ.મેજી.ફ.ક.(રેલ્વે)
રાજકોટ